# પુનરાવર્તન - 1

## એકમ - 1થી 5

### ચાલો ફરીથી યાદ કરીએ :

- વાસણો, ઓજારો, આભૂષણો
- તાડપત્રો, ભોજપત્રો
- નકશો
- નાગરિક - નાગરિકતા
- માનવજીવનની શરૂઆત, અગ્નિ, ખેતી અને ચક્રની શોધો, ખોરાક પકવીને ખાવાની રીતો
- શિલાલેખો, અભિલેખો
- રૂઢ સંજ્ઞાઓ
- પ્રમાણમાપ (સ્કેલ)
- ફરજો (ઘર, કુટુંબ, શાળા, સમાજ, પર્યાવરણ પ્રત્યેની)
- અયનવૃત્તો, ખંડો, મહાસાગરો
- દિશા - પ્રમાણમાપ અને રૂઢ સંજ્ઞા
- કટિબંધો

### ચાલો સમજીએ :

- એકત્ર કરેલ માહિતીના આધારે એક ઐતિહાસિક સ્થાપત્ય કે બનાવ વિશે માહિતી આપો.
- નકશા દ્વારા આપણે શું-શું જાણી શકીએ ?
- આપણે 'ભારતીય' કઈ રીતે કહેવાઈએ ?
- અગ્નિની શોધ કઈ રીતે થઈ હશે ?
- પૃથ્વી ઉપર કેટલાં અયનવૃત્તો, ખંડો, મહાસાગર આવેલા છે ?
- મહત્ત્વના અક્ષાંશવૃત્તો પૈકી તમે જાણતા હો તેનાં નામ લખો.
- સૂર્યનાં કિરણો સીધાં પડતાં હોય તેવાં અયનવૃત્તો અને ત્રાંસાં પડતાં હોય તેવાં અયનવૃત્તોનાં નામ લખો.

### ચાલો વિચાર કરીએ :

1. વાર્તા, ડાયરી, જૂનાં ખંડેરો, ભોજપત્રો, તામ્રપત્રો ઉપરથી ઇતિહાસ કેવી રીતે જાણી શકાય ?
2. 'નકશો' એટલે શું ? નકશો ન હોત તો ?
3. નીચે આપેલી સ્થિતિમાં તમે શું કરશો ?
   1. તમારા વર્ગમાં અભ્યાસ કરતી ક્રિષ્નાને પગે વાગ્યું છે.
   2. તમે રસ્તા ઉપર જતા હો ત્યારે, એક વૃદ્ધ રસ્તો પાર કરી શકતા નથી.
4. સ્ટીફન વિદેશથી ભારત ભણવા આવ્યો છે, તેને 'ભારતનો નાગરિક' કહેવાય ?
5. અગ્નિની શોધ ના થઈ હોત તો ?

6. તમારા પૂર્વજોએ તમને હાલના સાધનસંપન્ન જીવન માટે કઈ કઈ ભેટ આપી છે ?
7. સૂર્યનાં કિરણો સીધાં પડે છે, ત્યાં ગરમી શા માટે વધુ પડતી હશે ?

**ચાલો જાતે કરીએ :**

1. જૂની ચીજોનો આધાર લઈ તમારા ગામનો ઇતિહાસ જાણો.
2. નીચે આપેલા ખાનામાં કેટલીક વિગતો આપી છે, તેને નકશાનું સ્વરૂપ આપવા બાજુમાં આપેલી જગ્યાએ રૂઢ સંજ્ઞાઓ દ્વારા દર્શાવો.

| | |
|---|---|
| 1. દિશા<br>2. નદી/તળાવ/કૂવો (કોઈ એક)<br>3. મંદિર<br>4. કાચાં ઘર<br>5. પાકાં ઘર<br>6. મુખ્ય સડક<br>7. રેલ માર્ગ<br>8. ગામ/સરહદી ગામ | |

■